**ફોજદારી કેસ નંબર: ૫૨૬૦/૨૦૧૭**

**<u>આંક–૧ નીચે હુકમ :</u>**

આજરોજ નામદાર નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામાં આવેલ છે અને નામદાર ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તા મંડળના તથા નામદાર જીલ્લા અદાલતના આદેશ મુજબ આજરોજ સ્પેશીયલ સીંટીંગ રાખેલ છે.

સદર કેસનું રેકર્ડ જોવામાં આવે તો, કેસ જુનો છે. આરોપી સામે આક્ષેપીત ગુન્હાની સજાની જોગવાઈ ઘ્યાને લેતાં, કેસ સમન્સ/ સમરી ટ્રાયબલ છે. કેસનું રોજકામ જોવામાં આવે તો, આરોપી સામે સમયાંતરે અને વારંવાર કોર્ટ પ્રોસેસ કાઢવામાં આવેલ છે  પરંતુ આરોપીની સામે કાઢવામાં આવેલ પ્રોસેસ પોલીસ તરફથી વગર બજે પરત ફરેલ નથી કે આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ નથી કે ફરીયાદપક્ષ આરોપીને હાજર રાખવામાં સફળ થયેલ નથી. આમ, સદર કેસ ઘણાં લાંબા સમયથી આરોપીની ગેરહાજરીને કારણે પેન્ડીંગ છે જેથી ન્યાયીક કાર્યવાહી આગળ ચાલી શકતી નથી. આથી, આરોપીને અદાલત સમક્ષ હાજર કરવા બાબતે પોલીસ તંત્રને હવે વધુ તકો આપવી ઉચિત જણાતુ નથી.

**<u>પી.રામચંદ્ર વિ.કર્ણાટક રાજય – ૨૦૦૨ (૨) જી.એલ.આર. પાના નં. ૧૫૪૯</u>** ઉપર પ્રસિઘ્ધ થયેલ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં માનનીય સાત ન્યાયાધીશોની ખંડપીઠે ઠરાવેલ છે કે,''the Criminal courts should exercise their available powers such as those under sections 309,311,258 of the code of criminal procedure, 1973 to effectuate the right to speedy trial " આ ઉપરાંત આપણી નામદાર હાઈકોર્ટના પત્ર નં. ૨૯૧૭/૨૦૦૬ તા: ૧૭–૧૦–૨૦૦૬ માં નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા નીચલી અદાલતોને એવી સુચના આપવામાં આવે છે કે, આરોપીઓને અદાલત સમક્ષ હાજર રખાવવા બાબતે અદાલતો પોલીસ તંત્રને મર્યાદિત તકો આપી યોગ્ય કિસસાઓમાં સી.આર.પી.સી. કલમ ૨૫૮ અન્વયે મળેલ સત્તાઓનો ઉપયોગ કરે.

આથી કેસની હકીકતો, કેસની ન્યાયીક કાર્યવાહીનો પ્રકાર તેમજ આરોપીની હાજરી મળી આવતી ન હોય તેમજ પોલીસ તંત્ર આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવવામાં નિષ્ફળ નિવડેલ હોય અને હવે વધુ સમય પોલીસ તંત્રને આપવો ઉચીત જણાતો ન હોય, નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદામાં આપેલ ગાઈડલાઈનને ઘ્યાને લેતા અત્રેની અદાલતને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૫૮ ની જોગવાઈ અન્વયે કેસની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચીત જણાઈ આવે છે. આથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવેલ છે.

**<u>–: : હુ ક મ : :–</u>**

૧. ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ ૨૫૮ મુજબ આ કામના આરોપી સામેના કેસની આગળની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપી/ઓ જાત મુચરકો તથા જામીનખત રદ કરવામાં આવે છે અને જો આરોપીએ જામીનગીરી પેટે રોકડ રકમ જમા કરાવેલી હોય તો તે રકમ નાઝરશ્રીએ ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ– ૪૪૬ અન્વયે સરકારશ્રી ખાતે જમા  લેવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામે કબજે લીધેલ મુદ્દામાલ અંગે જો વચગાળાનો હુકમ અગાઉ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે. અન્યથા બીન કિંમતી મુદ્દામાલ કે કિંમતી મુદ્દામાલ જો હોય તો તેનો અપીલ  સમય બાદ ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નીયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ  ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૨/૦૭/૨૦૧૮
સ્ગળ:અમદાવાદ

(ટી.એચ.પંજાબી)
એડી. સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.,
અમદાવાદ(ગ્રામ્ય),મીરઝાપુર.
જી જે–૦૧૦૭૬